**Parimal Nathwani**
Member of Parliament
(Rajya Sabha)

**Member:**
Standing Committee on Personnel, Public Grievances, Law & Justice
Consultative Committee, Ministry of Commerce and Industry
**Permanent Special Invitee:**
Consultative Committee, Ministry of External Affairs

सत्यमेव जयते

165, South Avenue,
New Delhi - 110 011
Ph.: 011-23794010
e-mail : parimal.nathwani@sansad.nic.in

' Vraj ', Opp. HDFC Bank,
Beside Chandanbala Tower,
Nr. Suvidha Shopping Centre,
Paldi, Ahmedabad - 380 007

**અખબારી યાદી**

# રાષ્ટ્રીય કોર્ટ કેસો અંગેની નીતિનો ઉદ્દેશ્ય પેન્ડિંગ કેસોનો સરેરાશ સમય ઘટાડવાનો છે

## રાજ્ય સભા સાંસદ શ્રી નથવાણીને કાનૂન મંત્રીનો જવાબ

**૩૧ જુલાઈ ૨૦૧૦ :** *સરકાર અને તેની વિભિન્ન એજન્સીઓ દેશમાં ટ્રિબ્યુનલો અને અદાલતોમાં મુખ્ય વાદી તરીકે છે. કાનૂની દાવાઓ અંગેની રાષ્ટ્રીય નીતિનો ઉદ્દેશ્ય સરકાર એક કાર્યદક્ષ અને જવાબદાર મુકદમા કરનાર બને તે જોવાનો છે. આ નીતિનો એક અન્ય આશય એ પણ છે કે અદાલતોમાં સરકારી મુકદમાઓ ઓછા થાય જેથી ન્યાયાલયોનો કિમતી સમય બીજા પેન્ડિંગ કેસોના નિકાલ માટે ફાળવી શકાય તેમજ સરેરાશ પેન્ડિંગ કેસોનો સમય પંદર વર્ષથી ઘટાડીને ત્રણ વર્ષનો કરવાનું જે લક્ષ્ય રાષ્ટ્રીય કાનૂની મિશને નિર્ધારિત કર્યું છે તે હાસિલ કરી શકાય.*

*કેન્દ્રીય કાનૂન મંત્રી ડૉ. એમ.વીરપ્પા મોઈલીએ રાજ્ય સભામાં સાંસદ શ્રી પરિમલ નથવાણીના એક પ્રશ્નના જવાબમાં આ મુજબ જણાવ્યું. દેશમાં કેન્દ્ર અને રાજ્ય સરકારોના કેટલા દાવાઓ જુદી જુદી અદાલતોમાં છે તથા આ કેસોના નિકાલ માટે સરકારની કોઈ રાષ્ટ્રીય નીતિ છે કે કેમ તેવા સંખ્યાબંધ પ્રશ્નો રાજ્ય સભા સાંસદ શ્રી નથવાણીએ કર્યા હતા જેના જવાબમાં કાનૂન મંત્રીએ વિસ્તારપૂર્વક માહિતી આપી હતી.*

*કાનૂન મંત્રીએ રાજ્ય સભામાં આપેલી આ માહિતી મુજબ ૩૧ ડિસેમ્બર ૨૦૦૯ના રોજ દેશની સુપ્રિમ કોર્ટમાં કુલ ૫૫,૭૯૧ મામલા હતા જેમાંથી ૩૪,૯૭૨ દાખલ કરાયેલા કેસો હતા અને બાકીના ૨૦,૮૧૫ નિયમિત કેસો હતા. આ જ તારીખે દેશનાં જુદાં જુદાં રાજ્યોની વિભિન્ન હાઈકોર્ટોમાં કેસોની કુલ સંખ્યા ૪૦,૭૬,૮૩૭ હતી જેમાંથી ૩૨,૫૦,૨૯૧ સિવિલ કેસો હતા અને ૮,૨૬,૫૪૬ ફોજદારી કેસો હતા. દેશમાં નીચલી અદાલતોમાં તો કેસો પહોંચી ન વળાય તેટલી અધધધ સંખ્યામાં છે. ૩૧ ડિસેમ્બર ૨૦૦૯ના રોજ જુદાં જુદાં રાજ્યોની નીચલી કોર્ટોમાં કુલ ૭૬,૭૬,૦૭૭ સિવિલ કેસો અને ૧,૯૫,૨૫,૬૪૯ ફોજદારી કેસો પેન્ડિંગ હતા.*

ઉપલબ્ધ માહિતી મુજબ દેશમાં અલ્હાબાદ હાઈકોર્ટ ૯,૫૦,૮૬૪ કેસો સાથે ટોચના સ્થાને રહી. એટલું જ નહિ, અલ્હાબાદ હાઈકોર્ટ ૬,૬૮,૦૨૯ સિવિલ કેસો અને ૨,૮૨,૮૩૫ ફોજદારી કેસોની રૂએ પણ દેશની અન્ય હાઈકોર્ટોમાં મોખરે રહી. મદ્રાસ હાઈકોર્ટ કુલ ૪,૩૧,૩૯૦ કેસો સાથે દ્વિતીય સ્થાને રહી. એટલું જ નહિ મદ્રાસ હાઈકોર્ટ ૩,૯૪,૫૦૮ સિવિલ કેસો સાથે સિવિલ કેસોની રૂએ પણ બીજા સ્થાને રહી. ફોજદારી કેસોના મામલે ૬૨,૦૪૦ કેસો સાથે મધ્ય પ્રદેશ હાઈકોર્ટ દ્વિતીય સ્થાને રહી. મુંબઈ હાઈકોર્ટ કુલ ૩,૩૮,૧૮૩ કેસો સાથે દેશની હાઈકોર્ટોમાં ત્રીજું સ્થાન મેળવે છે અને ૨,૯૫,૭૧૪ સિવિલ કેસોની સંખ્યા સાથે સિવિલ કેસોની પેન્ડિંગ સંખ્યાની દ્રષ્ટિએ પણ તૃતીય સ્થાન મેળવે છે. જ્યારે ફોજદારી કેસોની ૫૮,૪૦૭ની સંખ્યા સાથે રાજસ્થાન હાઈકોર્ટ ફોજદારી કેસોમાં ત્રીજા સ્થાને છે.

કુલ ૫૪,૦૬,૬૩૩ પેન્ડિંગ કેસો સાથે ઉત્તર પ્રદેશની નીચલી કોર્ટો દેશમાં મોખરે રહી. ઉત્તર પ્રદેશની નીચલી અદાલતોમાં ૧૨,૯૯,૦૪૮ સિવિલ કેસો અને ૪૧,૦૫,૫૮૫ ફોજદારી કેસો ૩૧ ડિસેમ્બર ૨૦૦૯ના રોજ હતા. આમ બન્ને રીતે ઉત્તર પ્રદેશની નીચલી કોર્ટો દેશમાં મોખરે રહી. મહારાષ્ટ્રની નીચલી અદાલતો ૪૧,૩૪,૧૮૮ની કુલ સંખ્યા સાથે બીજા સ્થાને રહી. ફોજદારી કેસોની સંખ્યાની દ્રષ્ટિએ પણ મહારાષ્ટ્રની નીચેની કોર્ટો બીજું સ્થાન ધરાવે છે. તેની સંખ્યા ૩૧,૭૦,૮૯૫ છે જ્યારે ૯,૬૩,૨૯૩ સિવિલ કેસો સાથે સિવિલ કેસોની શ્રેણીમાં મહારાષ્ટ્ર ત્રીજા સ્થાને રહે છે. પશ્ચિમ બંગાળ અને આંદામાન-નિકોબારની અદાલતો કુલ ૨૬,૧૨,૨૪૨ પેન્ડિંગ કેસો તેમજ ૨૦,૭૭,૨૦૪ ફોજદારી કેસોના મામલે પણ દેશમાં ત્રીજા સ્થાને છે.

ગુજરાતની નીચલી અદાલતોમાં કુલ ૨૧,૬૨,૫૯૯ કેસો ૩૧ ડિસેમ્બર ૨૦૦૯ના રોજ પેન્ડિંગ હતા જે રીતે તે દેશમાં ચોથા સ્થાને છે. જો કે રાજ્યની નીચલી અદાલતો ૬,૯૫,૨૬૬ સિવિલ કેસો સાથે દેશમાં બીજા સ્થાને છે. રાજ્યોની જુદી જુદી અદાલતોમાં પેન્ડિંગ કેસોની સંખ્યા જોઈએ તો સાંસદ શ્રી પરિમલ નથવાણીની દેશના ન્યાયતંત્રનાં વિભિન્ન પાસાંઓ અંગેની ચિંતા ખૂબ વ્યાજબી છે.

★ ★ ★